# મનપાના સફાઈ કામદારોને અધિકારીઓ-નેતાઓ અંગત કામ સોંપતા હોવાની બૂમ ઊઠી

**પ્રથા** બંધ કરવામાં નહીં આવે તો મનપાના કર્મચારી મહામંડળની આંદોલનની ચીમકી

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારોનો અધિકારીઓ, નિવૃત્ત અધિકારીઓ અને તેમના સગા-સંબંધીઓના ઘરે અંગત કામ માટે ઉપયોગ કરવામાં આવતો હોવાની ફરિયાદ ઊઠી છે. કર્મચારીઓનું શોષણ થતું હોવાથી મંગળવારે સુરત મનપાના કર્મચારી મહામંડળ દ્વારા આ ગેરકાયદે પ્રથા સામે મોરચો માંડવામાં આવ્યો છે. જો આ પ્રથા બંધ કરવામાં નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી પણ તેમના દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

સુરત મનપાના કર્મચારી મહામંડળના હોદ્દેદારોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પાલિકાના કેટલાક ઉચ્ચ અધિકારીઓ પોતાના અંગત નિવાસસ્થાને સફાઈ, રસોઈ અને ઘરવખરીનાં કામો માટે પાલિકાના સફાઈ કામદારોને ફરજ પર મૂકે છે. આ પ્રકારની પ્રવૃત્તિને કારણે પાલિકાની મુખ્ય ફરજોમાં સફાઈ કામદારોની અછત વર્તાય છે અને બાકીના કર્મચારીઓ પર કામનું અતિશય ભારણ વધી રહ્યું છે.

કેટલાક સેનેટરી ઈન્સ્પેક્ટરો (SI) ઉપર દબાણ કરીને જે-તે અધિકારીઓને રાજી કરવા માટે સફાઈ કામદારો પાસે શાકભાજી, દૂધ અને અન્ય અંગત વસ્તુઓ પહોંચાડવાનું કામ કરાવે છે.

લાખો રૂપિયાનો પગાર મેળવતા અધિકારીઓ સરકારી કર્મચારીઓને અંગત નોકર તરીકે ફરજ પાડવા માટે મજબૂર કરે એ અત્યંત અનૈતિક અને સરકારી નિયમોની વિરુદ્ધ છે. જો આ પ્રથા બંધ કરવામાં નહીં આવે તો કર્મચારી મહામંડળ દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો આપવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

# એર ઈન્ડિયા એક્સપ્રેસનું જૂન માટે નવું શિડ્યુઅલ, દિલ્હી માટે દિવસમાં 3 ફ્લાઈટ

**બેંગલુરુ** માટે દૈનિક સેવા અને દુબઈ માટે અઠવાડિયામાં 3 દિવસની ફ્લાઈટ

સુરતઃ મિડલ ઈસ્ટ અને રશિયા-યુક્રેન યુદ્ધને લીધે સર્જાયેલા એનર્જી ક્રાઈસીસ વચ્ચે ભારતની એરલાઈન્સ કંપનીઓએ પ્રત્યેક મહિને શિડ્યુઅલ અને ફ્લાઈટમાં ફેરફાર કરી રહી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા જૂન-2026 માટે જાહેર કરાયેલા શિડ્યુઅલ અનુસાર સુરત એરપોર્ટથી ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ માટે નોંધપાત્ર સુધારો જોવા મળે એવા સંકેત મળી રહ્યાં છે. ખાસ કરીને દિલ્હી, બેંગલુરુ અને દુબઈ રૂટ પર મુસાફરોને વધુ વિકલ્પો મળશે.

નવી સમયસૂચિ મુજબ સુરતથી દિલ્હી માટે સવારે, બપોરે અને સાંજ સહિત દિવસ દરમિયાન કેટલીક ફ્લાઈટ ઉપલબ્ધ રહેશે. રોજ અંદાજે 3 ડિપાર્ચર અને 3 અરાઈવલથી બિઝનેસ, ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગ સાથે જોડાયેલા મુસાફરોને ખાસ લાભ મળશે. જોકે આ ફ્લાઈટ અગાઉથી ચાલતી આવી છે. એમાં કોઈ ઉમેરો થવા જઈ રહ્યો ન હોવાનું જાણકારોએ જણાવ્યું હતું.

બેંગલુરુથી સુરત માટે એરલાઈન દૈનિક સીધી સેવા આપશે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દૈનિક બપોર બાદ સીધી ફ્લાઈટ ચલાવશે. સુરત અને દક્ષિણ ભારત વચ્ચે IT, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગ ક્ષેત્રે વધતા વ્યવસાયિક સંબંધોને ધ્યાનમાં રાખીને આ સેવા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. ફ્લાઈટનો સમય અંદાજે 2 કલાકનો રહેશે.

### સુરતથી દુબઇ માટે બુધવાર, શુક્રવાર અને રવિવારની સીધી ફ્લાઇટ પણ ટુરિસ્ટોને લાભ નહીં

**નવું શિડ્યુઅલ**

- દિલ્હી : 3 ડિપાર્ચર, 3 અરાઇવલ
- બેંગલુરુ: 1 ડિપાર્ચર,1 અરાઇવલ
- દુબઈ (DXB) અઠવાડિયામાં 3 ડિપાર્ચર, અઠવાડિયામાં 3 અરાઇવલ

એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા 1 જૂનથી ફરી સુરત- દુબઇ ફ્લાઇટ વીકમાં ત્રણ દિવસ માટે શરૂ કરવા શિડ્યુઅલ જાહેર કરવામાં આવ્યું છે. પણ આ ફ્લાઇટના સમય ખૂબ અગવડ ભર્યો અને દક્ષિણ ગુજરાતના ટૂરિસ્ટ માટે અનુકૂળ ન હોવાનું ટુર ઓપરેટર જણાવી રહ્યા છે. એક ટૂર ઓપરેટરે જણાવ્યું હતું કે, જે વ્યક્તિ દુબઇ ફરવા માટે જશે, એને જો હોટેલમાં એન્ટ્રી જોઈતી હોઇ તો એક દિવસ પહેલાંથી બુકિંગ કરાવવું પડશે અથવા બપોરે 2 વાગ્યા સુધી ચેક-ઇન માટે બેસી રહેવું પડે. રિટર્નમાં પણ હોટેલના પૈસા નહીં બગાડવા હોય તો ચેક-આઉટ કરીને સમાન કશે મૂકીને રાત્રે 2 વાગ્યા સુધી બહાર ફરવું પડે અથવા હોટેલ રૂમ જાળવી રાખી રાતે 2 વાગ્યે પૂરું ભાડું ભરીને રૂમ ખાલી કરવો પડે. આવો વધારાનો ખર્ચ કોઈ પ્રવાસી ન કરી શકે. નવા શિડ્યુઅલ મુજબ સુરતથી દુબઇ આ ફ્લાઇટ 02.10 કલાકે ટેકઓફ થશે અને 03.45 કલાકે દુબઇ એરપોર્ટ પહોંચશે. દુબઈથી આ ફ્લાઇટ 05.10 ઉપડી 09.50 કલાકે સુરત આવશે. દુબઈમાં મોટાભાગની હોટેલોમાં બપોરે 2 વાગ્યાથી જ ચેક-ઇનની મંજૂરી આપવામાં આવે છે. પરિણામે સવારે 6થી 8 વાગ્યે દુબઈ પહોંચેલા પ્રવાસીઓને સીધા રૂમમાં પ્રવેશ મળતો નથી. જો તરત રૂમ જોઈએ તો અગાઉની રાત્રિનું પણ બુકિંગ કરાવવું પડે છે. એટલે કે એક દિવસ પહેલાંથી રૂમ બુક કરાવ્યા વગર આરામથી હોટેલમાં એન્ટ્રી મળવી મુશ્કેલ બની રહે છે.

# પાંચ વર્ષમાં 64 હજાર કૂતરાં પકડ્યા પણ ખસીકરણ માત્ર 58 હજારનું !

**મનપાની** રખડતાં કૂતરાં પકડવાની કામગીરી વધી, પરંતુ પરિણામ કશું નહીં

**ખરેખર** ખસીકરણ થયું છે કે નહીં તે ચેક કરવા કોઇ વ્યવસ્થા નથી

**પાંચ વર્ષના રસીકરણ-ખસીકરણના આંકડા**

| વર્ષ | પકડાયેલા કૂતરા | ઓપરેશન કરાયેલા | ફરી છોડાયેલા |
|---|---|---|---|
| 2021-22 | 3,962 | 3,605 | 3,708 |
| 2022-23 | 10,255 | 9,279 | 9,830 |
| 2023-24 | 18,605 | 16,862 | 18,059 |
| 2024-25 | 19,053 | 17,870 | 18,576 |
| 2025-26 | 11,239 | 9,585 | 10,869 |
| 2026-27 | 1,815 | 1,684 | 1,772 (5 માસ) |



સુરત : શહેરમાં રખડતા કૂતરાઓના વધતા આતંક અને ડોગબાઇટની ફરિયાદો વચ્ચે મનપાના એનિમલ બર્થ કંટ્રોલ (ABC) વિભાગના આંકડાઓ ચોંકાવનારા સામે આવ્યા છે. વર્ષ 2021-22થી લઈને 16 મે 2026 સુધીના પાંચ વર્ષના આંકડા મુજબ કુલ 64,929 કૂતરાઓ પકડવામાં આવ્યા હતા. જોકે તેમાંમાંથી માત્ર 58,885 કૂતરાઓનું જ ઓપરેશન કરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. બીજી તરફ 62,814 કૂતરાઓને ફરીથી વિસ્તારમાં છોડવામાં આવ્યા હતા. આંકડાઓ મુજબ વર્ષ 2021-22માં માત્ર 3,962 કૂતરાઓ પકડાયા હતા, જ્યારે 2024-25માં આ સંખ્યા વધીને 19,053 સુધી પહોંચી ગઈ હતી. એટલે કે ચાર વર્ષમાં રખડતા કૂતરાઓ પકડવાની કામગીરીમાં લગભગ પાંચ ગણો વધારો નોંધાયો છે. જોકે, ઓપરેશન અને રિલીઝના આંકડાઓ વચ્ચેનો તફાવત અનેક સવાલો ઉભા કરી રહ્યો છે. વર્ષ 2024-25 દરમિયાન સૌથી વધુ 17,870 કૂતરાઓનું ઓપરેશન કરવામાં આવ્યું હતું, જ્યારે 18,576 કૂતરાઓને ફરીથી છોડવામાં આવ્યા હતા. આથી સ્થાનિક નાગરિકોમાં એ ચર્ચા તેજ બની છે કે માત્ર સ્ટેરિલાઈઝેશનથી સમસ્યા હલ થશે કે નહીં. વર્ષ 2025-26માં પણ માત્ર 16 મે સુધીમાં જ 11,239 કૂતરાઓ પકડાયા હોવાનું નોંધાયું છે.

# 'તું હલકી કક્ષાની કપડાં ઉતારે તેવી સ્ત્રી, તારે ક્યાં નાક-શરમ છે'

**સુરતના** 'પોલિટિકલ અપડેટ' વોહટ્સએપ ગ્રુપમાં આપ કાર્યકરે યુવતીની લાજ લેવાના ઈરાદે બીભત્સ કોમેન્ટ્સ

**કોમેન્ટ્સ** કરનાર ત્રિશુલ ન્યૂઝના પત્રકાર વંદન ભાદાણી અને હિરેન માંગુકિયા વિરુદ્ધ ફરિયાદ

સુરતઃ નાના વરાછા વિસ્તારમાં રહેતી અને ફેશન ડિઝાઈનિંગનો વ્યવસાય કરતી ૩૧ વર્ષીય યુવતી ગૌશાલી (નામ બદલ્યું છે) છેલ્લા ચાર મહિનાથી આમ આદમી પાર્ટીમાં કાર્યકર છે. આગામી મનપાની ચૂંટણીમાં તેને કરંજ માતાવાડી બેઠક પરથી પક્ષમાંથી ટિકિટ આપવાની ના પાડી દેવાતા યુવતીએ કલેક્ટર કચેરીમાં જ ફીનાઈલ પી લીધું હતું. ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ, 'પોલિટિકલ અપડેટ' નામના વ્હોટ્સએપ ગૃપમાં યુવતીના ફીનાઈલ પીવાના કિસ્સાને લઈને વિ ત્રિશુલ ન્યૂઝ ચલાવતા પત્રકાર વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી (રહે., પંચવટી સોસાયટી, સિંગણપુર)એ ગૃપમાં યુવતીને સંબોધીને લખ્યું હતું કે, 'અમુક તો ફીનાઈલની જગ્યાએ છાશ પીવે છે... તું હલકી કક્ષાની કપડાં ઉતારે તેવી સ્ત્રી છે, તારે ક્યાં નાક-શરમ છે.' જેને પગલે પોલીસે વંદન ભાદાણી અને હિરેન સામે ગુનો નોંધ્યો હતો.

### હિરેન માંગુકિયાએ મર્યાદાની તમામ સીમાઓ વટાવી, ફાર્મ હાઉસ પર આવવા ઓફર કરી

વંદન ભાદાણીની આ ટિપ્પણીઓ બાદ તેનો ખાસ મિત્ર હિરેન માંગુકિયા પણ ગૃપમાં કૂદી પડ્યો હતો. હિરેને ગૃપમાં લખ્યું કે, ઉડતું તીર પકડીને પછવાડે ના ગાલ બાકી દુખશે... ૧૫,૦૦૦ રૂપિયા લઈને ફાર્મ પર કોણ જાય છે?' જ્યારે યુવતીએ તેનો પ્રતિકાર કર્યો, ત્યારે હિરેને જાહેરમાં લાજ લેવાના ઈરાદે બિભત્સ ચેલેન્જ ફેંકતા લખ્યું કે, 'ચાલ ફાર્મ ઉપર સાબિત કરું, મારામાં મજા આવે છે કે બીજા કોઈમાં... તું ૧૭ જણા સાથે સૂઈ જાય છે.' હિરેને યુવતીને જાહેરમાં રોડ પર ચોટલો પકડીને ઢસડવાની પણ ધમકી આપી હતી. આ ઘટના અંગે પીડિત મહિલાએ ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ સરથાણા પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી હતી. પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ કર્યા બાદ ગત સોમવારે વંદનકુમાર ધીરજભાઈ ભાદાણી (પત્રકાર) અને હિરેનભાઈ માંગુકિયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# 'હોટલ ચલાવવી હોય તો દર મહિને હપ્તો આપવો પડશે'

**સરથાણાની** બે હોટલના સંચાલકને રીઢા લલીત ડોંડાએ ધમકાવી ૬૦ હજાર ખંડણી ઉઘરાવી

સુરતઃ હોટલ બરાબર ચલાવવી હોય તો દર મહિને હપ્તો આપવો પડશે, નહીં તો 'હું પોલીસ મોકલીને ધંધો બંધ કરાવી દઈશ' તેવી ધમકી આપી રીઢા લલીત ડોંડાએ સરથાણા વિસ્તારની બે હોટલ મેનેજર અને સંચાલક પાસેથી કુલ રૂપિયા ૬૦,૦૦૦ પડાવ્યા હોવા અંગે સરથાણ પોલીસમાં ફરિયા થતાં પોલીસે ગુનો નોંધ્યો છે. મૂળ ઉત્તરપ્રદેશના બુલંદશહેરના વતની અને હાલ ગોડાદરા આદર્શ સોસાયટીમાં રહેતા ૪૧ વર્ષીય અકબર અબ્બાસ મોહમદ અજગર સીયાદ કડોદરા-બારડોલી રોડ પર આવેલી 'ન્યુ અંબે હોટલ'માં મેનેજર તરીકે નોકરી કરે છે. આજથી એકાદ વર્ષ પહેલાં તેમના લલીત ડોંડા નામના શખ્સે વોટ્સએપ કોલ કરીને ધમકી આપી હતી કે, "જો તારે હોટલ ચલાવવી હોય તો દર મહિને રૂ.૨૦,૦૦૦ આપવા પડશે. ડરી ગયેલા મેનેજર પાસેથી ઓનલાઈન તેમજ રોકડા મળી રૂ.૩૭,૦૦૦ પડાવી લીધા હતા. ત્યારબાદ વધુ પૈસાની માંગણી કરાતા મેનેજરે અસમર્થતા દર્શાવતા મેનેજરના મિત્રોને માર માર્યો હતો.

બીજી ઘટનામાં ભેસ્તાન સંગમ ચોકડી પાસે આવેલી સાઈ પેલેસમાં રહેતા અને યોગી ચોક વિસ્તારમાં 'સાંઈ પેલેસ હોટલ' ભાડે રાખી વેપાર કરતાં ૨૭ વર્ષીય અમર અર્જુનસિંગ રાજપુત (મૂળ રહે., સુલતાનપુર, યુ.પી.) ને પણ આરોપી લલીત ડોંડાએ કોલ કરી ધમકી આપી હપ્તા પેટે રૂ.૨૩,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારપછી પણ વેપારી પાસે નાણાં ખૂટી જતાં આરોપી અવારનવાર ફોન પર "તું પૈસા નાંખે છે કે હું તારી હોટલ બંધ કરાવી દઉં?" તેવી ધમકી આપતો હતો.

### ખાડીઓમાં ફ્લોટિંગ મશીનથી 7300 ઘન મીટર કાંપ દૂર કરાયો



સુરતઃ ખાડીઓમાં સિલ્ટ, કચરો અને અવરોધોને દૂર કરવા માટે દિલ્હીથી ખાસ 4 અદ્યતન ફ્લોટિંગ અને એમ્ફિબિયન મશીનો મંગાવી મેદાને ઉતારવામાં આવ્યા છે. મનપાના પ્રી-મોન્સૂન એક્શન પ્લાન અંતર્ગત માર્ચ મહિનાથી જ સફાઈ કામગીરી શરૂ કરી દેવાઈ હતી. જેમાં કુલ 95 કિલોમીટર લાંબી ખાડીઓની સફાઈ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત પાણી ભરાવાની સમસ્યા છે તે 21 મીટરમાં 1 મીટર સુધી ડ્રેજીંગ કરાયું હતું. મશીનોએ સતત 540 કલાક કામગીરી કરીને અંદાજે 7300 ઘન મીટર જેટલો કચરો અને કાંપ બહાર કાઢ્યો હતો. સાથે સાથે 80 હજારથી વધુ વરસાદી ગટરના ચેમ્બરની સફાઇ પણ કરવામાં આવી હતી. ખાડી અને વરસાદી ગટરની સફાઈનો આ પહેલો રાઉન્ડ પૂર્ણ થઇ ચૂક્યો છે. બીજા રાઉન્ડની સફાઇ 20મી જુન સુધીમાં કરી દેવાનો લક્ષ્યાંક રખાયો છે. સફાઈ થતાં પૂરને અંકુશમાં રાખી શકાશે.

### ડિંડોલીમાં અમઝદ ટકલાના માણસો છો કહી 3 યુવાન પર ચપ્પુ-પાઈપથી હુમલો

સુરતઃ ઉન પાટિયા વિસ્તારમાં આવેલી રોયલ રેસિડેન્સીમાં રહેતો ૨૮ વર્ષીય ઝીબરામ ખુરશીદ આલમ શેખ ગત ૨૪ મેના રોજ રાત્રિના આશરે આઠથી અગિયાર વાગ્યાના અરસામાં ઝીબરામ અને તેનો સાથીદાર ભેસ્તાન આવાસ એ બ્લોક પાછળ આવેલી જૂની શાકભાજી માર્કેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન ત્યાં ટાંપીને બેઠેલા સ્થાનિક માથાભારે તત્ત્વોએ તેમને રસ્તામાં જ આંતરી લીધા હતા.ત્યાં હાજર મોયા ઉર્ફે બટકા, શાહરૂખ ઉર્ફે બટકા, મોહસીન ઉર્ફે પોપટ અને અનીશ શેખ નામના આરોપીઓએ ઝીબરામ અને તેના મિત્રને ધમકાવીને કહી દીધું હતું કે, તમે અમઝદ ટકલાના માણસો છો, અહીં શું કામ આવ્યા છો? જવાબ આપવા જતાં ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો આપી જીવલેણ હુમલો કરી દીધો હતો.

# મહિલાઓની મજૂરીના રૂ. ૨૨ લાખ ઓળવી વેપારી રફુચક્કર

**સાડીઓ** પર લેસપટ્ટીનું કામ કરાવી સુગંધકુમાર જૈને પુણાગામની 17 મહિલાઓને છેતરી

સુરતઃ માર્કેટમાંથી સાડીઓ લાવી પુણા વિસ્તારની ગૃહિણીઓ પાસે લેસપટ્ટી લગાવવાનું જોબવર્ક કરાવ્યા બાદ, ૧૭ જેટલી મહિલાઓની રૂ. ૨૨.૩૩ લાખથી વધુની મજૂરીના નાણાં ચૂકવ્યા વિના જ એક કારખાનેદાર પોતાનું ખાતું બંધ કરી, રાતોરાત ફરાર થઈ જતાં મામલો પોલીસમાં પહોંચ્યો છે.

મૂળ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કડિયાળી ગામના વતની અને હાલ પુણાગામની સિતારામ સોસાયટીમાં રહેતા વર્ષાબેન પાંચાભાઈ બલદાણિયા (ઉં.વ. ૪૫ની જ સોસાયટીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર સુગંધકુમાર ભાગચંદ જૈન નામનો ઈસમ એસ. જે. ક્રિએશન નામે સાડીનું ખાતું ચલાવતો હતો. સુગંધકુમાર ટેક્સટાઈલ માર્કેટમાંથી સાડીઓ લાવી સોસાયટીની અંદાજે ૧૭ જેટલી શ્રમિક બહેનો પાસે લેસપટ્ટી લગાવવાનું કામ કરાવતો હતો. છેલ્લાં પાંચ વર્ષથી તે સમયસર પેમેન્ટ ચૂકવી દેતો હોવાથી સોસાયટીની બહેનોને તેના પર વિશ્વાસ બેસી ગયો હતો. ગત નવેમ્બર-૨૦૨૫માં સુગંધકુમારે જણાવ્યું હતું કે, હું તમને ત્રણ મહિનાના સમયગાળામાં બધી મજૂરીના નાણાં ચૂકવી આપીશ. કારખાનેદારના ભરોસે બહેનોએ રાત-દિવસ એક કરીને સાડીઓ તૈયાર કરી આપી હતી. ૧૩ એપ્રિલ ૨૦૨૬ સુધીમાં મજૂરીના રૂ. ૨૨,૩૩,૫૯૫ લેવાના નીકળતા હતા. ગત મહિને ૧૩ એપ્રિલે સુગંધકુમાર જૈન પોતાનું ખાતું બંધ કરીને ભાગી ગયો હતો. આ મામલે પુણા પોલીસે સુગંધકુમાર ભાગચંદ જૈન (રહે. જિંદકૃપા કોમ્પ્લેક્સ, ડુંભાલ, સુરત) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# વધતી મોંઘવારી, ઈંધણ મુદ્દે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

**કલેક્ટર** કચેરી ખાતે વિરોધ કરી ધરણા કરવામાં આવ્યાં

સુરતઃ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે મંગળવારે શહેર અને રાજ્યમાં વધતી જતી મોંઘવારી, પેટ્રોલ અને ડીઝલની અછત અને આવશ્યક ચીજવસ્તુઓના વધતા ભાવ સામે વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલાના નેતૃત્વમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેલા જિલ્લા સેવા સદન ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે, કેન્દ્ર અને ગુજરાત સરકારની વહીવટી નિષ્ફળતાને કારણે સુરત સહિત રાજ્યભરમાં પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાઈ છે. દૂધ, શાકભાજી અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના સતત વધતા ભાવોએ સામાન્ય લોકો, ખાસ કરીને મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોના ઘરના બજેટ પર ગંભીર અસર કરી છે. સરકાર જનતાની સમસ્યાઓનું નિરાકરણ લાવવાને બદલે માત્ર વચનો આપી રહી છે. આ ''મોંઘવારી વિરુદ્ધ હલ્લાબોલ'' કાર્યક્રમનું આયોજન સામાન્ય નાગરિકોનો અવાજ સરકાર સુધી પહોંચાડવા અને મોંઘવારી સામે જાહેર રોષ વ્યક્ત કરવા માટે કરવામાં આવ્યું હતું. શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી, કાઉન્સિલર અરશદ જરીવાલા, ભૂતપૂર્વ કાઉન્સિલર અસલમ સાયકલવાલા અને શહેર કોંગ્રેસના મહામંત્રી જયેશ ભટ્ટ આ પ્રદર્શનમાં હાજર રહ્યા હતા. શહેર કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવા દળ, લઘુમતી સેલ, એસ.સી-એસ.ટી સેલ, ઓબીસી સેલના કાર્યકરોએ ભાગ લીધો હતો.

# સલાબતપુરામાં જગ્યાનો કબજો ખાલી કરી ભાડુતને સોંપાઈ

**પાર્ટી** પર્સન બની રાજુ ઠક્કરે કોર્ટમાં જાતે કેસ લડ્યા

સુરતઃ અકસ્માત નિવારણ કેન્દ્રના પ્રમુખ રાજુ સી. ઠક્કરને પાંચ વર્ષ લાંબી કાનૂની લડત બાદ તેમની ભાડાની મિલકતનો કબજો મળ્યો છે.

રાજુ ઠક્કરના જણાવ્યા મુજબ, રાજુભાઈ ઠક્કર સલાબતપુરા બાલાભાઈની શેરીમાં આવેલી સત્યનારાયણ મંદિરની ચાલીમાં "એરલાઈટ કોર્પોરેશન" તથા "એરલાઈટ ડેકોરેશન" નામે બારીના પડદા બનાવવાનો અને વેચાણનો વ્યવસાય કરતા હતા. મે-૨૦૨૧ દરમિયાન સત્યનારાયણ મંદિર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા ગેરકાયદે રીતે જગ્યા પર કબજો કરી લેવાયો હોવાનો આક્ષેપ રાજુભાઈ ઠક્કરે કર્યો હતો. આ બનાવ અંગે રાજુભાઈએ તા. ૨૫ મે ૨૦૨૧ના રોજ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ તે સમયના પીઆઈ એમ.વી. કીકાણી અને પીએસઆઈ એસ.જી. ચૌહાણે તેમની સામે ખોટી એફઆઈઆર નોંધાવી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો છે. આ મામલે પોલીસ વિરુદ્ધ કરવામાં આવેલી ફરિયાદની તપાસ હાલ પોલીસ કમિશ્નર કચેરીના ઈકો સેલમાં ચાલી રહી હોવાનું જાણવા મળે છે. ભાડાની જગ્યા પર કબજો મેળવવા રાજુભાઈ ઠકકરે કતારગામ મામલતદાર કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

કતારગામ મામલતદાર દ્વારા તા. ૮ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ તેમના પક્ષમાં ચુકાદો આપવામાં આવ્યો હતો. આ ચુકાદા સામે ટ્રસ્ટીઓની રિવિઝન પણ ફગાવી દેવામા આવી હતી. બાદમાં મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો પરંતુ સામેવાળા દ્વારા હાઈકોર્ટમાંથી અરજી પરત ખેંચી લેવાઈ હતી. જેથી તા. ૨૧ મેના રોજ કતારગામ મામલતદાર દિનેશભાઈ ગામીતના માર્ગદર્શન હેઠળ સ્થળ ઉપર કાર્યવાહી હાથ ધરાઈ હતી અને કબજો સોંપાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ગુજરાત રાજ્ય એકપાત્રીય અભિનય સ્પર્ધા યોજાશે

સુરતઃ રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા બી. ડી. એન્ડ કંપની પુરસ્કૃત ગુજરાત રાજ્ય એકપાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન તા. ૧૪ જૂન, ૨૦૨૬ ને રવિવારના રોજ સવારે ૧૦ કલાકે વજુભાઈ ટાંક હોલ, ઉગમણો મહોલ્લો, શાહપોર, સુરત મુકામે યોજવામાં આવેલ છે. આ સ્પર્ધામાં કલાકાર ગુજરાતી અને હિન્દી ભાષામાં એકોક્તિની પ્રસ્તુતિ કરી શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ અને શરતોની વિગતો મેહુલ શર્મા (૯૮૨૫૬૫૮૪૦૮) અથવા હિમાંશુ ભટ્ટ (૯૪૨૬૭૪૬૩૫૯) પાસેથી મેળવી શકાશે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧.૫.૨૦૨૬ રાખવામાં આવી છે. સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકને પ્રમાણપત્ર આપવામાં આવશે. પ્રથમ ઈનામ રૂ. ૫૦૦૦, બીજુ ઈનામ રૂ. ૩૦૦૦ અને ત્રીજુ ઈનામ રૂ. ૨૦૦૦ રાખવામાં આવ્યું છે.

### લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે ફન-ડેની ઉજવણી કરવામાં આવી



સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ ખાતે તા.૨૫-૦૫-૨૦૨૬ના રોજ "સન્ડે ફન-ગેઈમ્સની" ભવ્ય ઉજવણી કરવામાં આવી. ફન સાથે કવીઝનું ટવીસ્ટ સાથેની ૭ ટીમોના ફિલ્મી નામોના ટાઇટલ સાથે ટીમો પાડવામાં આવી હતી. દરેક ટીમમાં ૩૦ સભ્યો સાથે ૫ થી ૬૫ વર્ષની વય ગ્રુપના સભ્યોએ અલગ-અલગ રમતનો આનંદ માણ્યો હતો. રાહિલ (રીયો) અને ઈશા પટેલની ટીમે સમગ્ર પ્રોગ્રામનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં સભ્યો પરિવારોએ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. સંસ્થાના પ્રમુખ કનૈયાભાઇ કોન્ટ્રાકટર અને સેક્રેટરી હિતેશભાઈ પટેલની સૂચના મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન મનોરંજન કમિટીના કન્વીનર હેમંતભાઈ જરીવાલા અને સહ કન્વીનર કિશોરભાઈ પટેલ તથા મનોરંજન કમિટીના સભ્યોએ કર્યુ હતું.

### સુરતમાં વાર્તા લેખન શિબિરનું આયોજન કરાયું



સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ- નર્મદ સાહિત્ય સભાના ઉપક્રમે આઝાદ સાંસ્કૃતિક કેન્દ્ર ના સહયોગથી સુરતમાં 'વાર્તા લેખન શિબિર ' નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. 25થી વધુ વાર્તા લેખકોની ઉપસ્થિતિમાં શિબિરના પ્રારંભિક વક્તવ્યમાં શરીફા વિજળીવાળાએ વાર્તાની વિભાવના, વિષય વસ્તુ, પ્રારંભ-અંત-વાતાવરણ અને પરિવેશને લઈ દેશ વિદેશની વાર્તા લેખકોના ઉદાહરણો સાથે વિશદ ચર્ચા કરી હતી. પ્રશિક્ષણ તરીકે કિરીટ દૂધાત અને પ્રાધ્યાપક રાકેશ દેસાઈએ શિબિરાર્થીઓએ રજૂ કરેલી વાર્તાઓ પર સુક્ષ્મ રીતે છણાવટ કરી માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. બકુલ ટેલરે સ્વાગત, કપિલદેવ શુક્લ આભારવિધિ અને રાજન ભટ્ટે ઔપચારિકતા સંભાળી હતી.

### જાણીતા સાહિત્યકાર-પત્રકાર ભગવતીકુમાર શર્માની વ્યાખ્યાન શ્રેણી 31મીએ થશે

સુરતઃ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા જાણીતા સાહિત્યકાર-પત્રકાર ભગવતીકુમાર શર્માની જન્મ જયંતિના દિને વ્યાખ્યાન શ્રેણીનું આયોજન તા. 31મી મે,2026ના રોજ સંસ્કાર ભારતી, ન્યુ રાંદેર રોડ પાલનપુર પાટિયા સુરત સાંજે 5-30 કલાકે કરાશે. જેમાં નર્મદ સાહિત્ય સભા પણ સહભાગી રહેશે. પ્રારંભ પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી કરાવશે. જ્યારે વ્યાખ્યાનશ્રેણીના પ્રથમ વર્ષે શરીફાબહેન વિજળીવાળા, જયદેવ શુક્લ, ડો.મુકુલ ચોક્સી વકતવ્ય આપશે. ભગવતીકુમારના ગીતો સુનિલ રેવર પ્રસ્તુત કરશે. નીરજા પારેખ ભગવતીકુમારની રચના રજૂ કરશે. મેહૂલ શર્મા અને ટીમ ભગવતીકુમારના નાટકનો નાટ્યાંશ પ્રસ્તુત કરશે. કપિલદેવ શુક્લ સભા સંચાલન કરનાર છે. રીના મહેતા શર્મા, બકુલ ટેલર, રાજન ભટ્ટ ઔપચારિક વિધિ આટોપશે.

### અધ્યાપિકા પદમાબેન ચૌહાણ પીએચ.ડી. થયાં



સુરતઃ શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત બી.એડ્. કોલેજ, ઘોડદોડ રોડ, સુરતના એડ્.આસિ. અધ્યાપિકા તરીકે ફરજ બજાવતા પદમાબેન નાગરભાઈ ચૌહાણ ઉર્ફે પદમાબેન ઉમેશભાઈ ચૌહાણે મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. તેમણે વી.એન. એસ.જી.યુ.સુરત હેઠળ શ્રીમતી સી. ડી. જે. રોફેલ આર્ટ્સ અને શ્રીમતી આઈ. એસ. આર. એ.રોફેલ કોમર્સ કોલેજ, વાપીના ડો. ખ્યાતિબેન એ. વ્યાસના માર્ગદર્શન હેઠળ 'વિશિષ્ટ બાળકોના માતા-પિતામાં ચિંતા, હતાશા અને મનોભારનો અભ્યાસ' વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કર્યું હતું. તેમણે આ સિદ્ધી સાથે રોહિત સમાજનું ગૌરવ વધાર્યું છે.

### પંચમ્ ગ્રુપના રાજ કપૂરનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ રવિવારે યોજાશે

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૩૧મી મે ના બપોરે ૪થી૮ રાજ કપૂરના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ કલરવ સ્ટુડિયો, ૧૦૨, ટાઇમ સ્ક્વેર, મારુતિ ટ્રુ વેલ્યુની સામે, ગૌરવપથ, પાલ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસિકોને આમંત્રણ અપાયું છે.

### સંગીતપ્રેમીઓ માટે 'ગોલ્ડન મેલોડીઝ ઓફ 90's' કાર્યક્રમ યોજાયો



સુરતઃ સંગીતપ્રેમીઓ માટે ગત તા.23મીના રોજ રાત્રે 8 કલાકે નાનપુરા, જીવનભારતી, રંગભવનમાં કેતન દેસાઈ અને નિખિલ ગજ્જર દ્વારા "ગોલ્ડન મેલોડીઝ ઓફ 90's" નામથી સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેતન દેસાઈ, મયંક મીઠાઈવાલા, સંજય મહેતા અને સોનલબેન ગઢવી શાહે ગીતો રજૂ કર્યા હતા. નિખિલ ગજ્જરનું ઓરકેસ્ટ્રા રહ્યું હતું. મેઘા મહેતાએ એન્કરની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમમાં સંગીતરસિકો તેમજ વયસ્ક અનાવિલ સંગઠનના સભ્યો હાજર રહ્યા હતા. વીડિયોગ્રાફી જીગ્નેશભાઈ તેમજ ફોટોગ્રાફી મનન ચોકસી દ્વારા કરાઈ હતી.

### મનુષ્ય પાસે શક્તિ વધી પરંતુ સહનશક્તિ ઘટી ગઈ: જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી



મુંબઇઃ વાલકેશ્વર મુંબઇ સ્થિત બાબુ અમીચંદ પન્નાલાલ ટ્રસ્ટના જિનાલયે જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન પધરામણી થઇ હતી. સુપાર્શ્વનાથ, ચંદનબાળા, શ્રીમાળનગર, પ્લેઝન્ટ પેલેસ વગેરેની દર્શન યાત્રા કરીને તેમણે ધર્મસભાને સંબોધતા કહ્યું હતું કે, મળેલી ચીજનું મૂલ્યાંકન કરતાં જેને આવડે તે ચીજ સફળ થાય છે. જો મળેલા માનવભવનું મૂલ્યાંકન કરતાં નહીં આવડે તો ફરી આ માનવભવ મળશે કે કેમ તે મોટો સવાલ ઊભો થશે. સાચો સાધક અને આરાધક તે છે કે, જે પરિસ્થિતિ ઊભી થાય તેમાં પોતાની મન:સ્થિતિને જાળવી રાખે. વર્તમાન સમયમાં પરિસ્થિતિ પલટાતાં કેટલાય લોકો ડિસ્ટર્બ થઇ રહ્યા છે.